# રોમેન્ટિક મૌસમનો ‘ઓ રોમિયો’ શાહિદ કપૂર

સ્ટાર ટૉક



**બે** દાયકા પહેલાંનો ચોકલેટ બોય શાહિદ કપૂરનો તેની ડેબ્યુ ફિલ્મ ‘ઈશ્ક વિશ્ક’માં જે ચાર્મ હતો એ આજે પણ એટલો જ બરકરાર છે, પરંતુ હવે તેણે ચોકલેટ બોયની ઈમેજ છોડી ‘રોમિયો’નો લૂક અડેપ્ટ કરી લીધો છે. ‘જબ વી મેટ’ શાહિદ સાથેની ‘શાનદાર’ વાતો...

***સવાલઃ તમારા કરિયરમાં ઘણી સફળતા છે, પણ તમારું નામ બોલિવુડમાં રોમાન્સ, લવ-અફેર અને થોડી કોન્ટ્રોવર્સી સાથે પણ જોડાયેલું રહ્યું છે. તમે આ બધા વિશે કેવું વિચારો છો? અને હવે તમે સંપૂર્ણ ફેમિલી મેન છો, તો પાસ્ટને કેવી રીતે જુઓ છો?***

શાહિદઃ ધન્યવાદ ભાઈ. હા, યુવાનીમાં જ્યારે તમે ફિલ્મોમાં હીરો બનો, બ્યુટિફુલ એક્ટ્રેસ સાથે કામ કરો, લોકો વાતો બનાવે એ સ્વાભાવિક છે. મેં પણ ઘણું અનુભવ્યું છે - કેટલીક વાતો સાચી હતી, કેટલીક અડધી સાચી, અને કેટલીક તો બિલકુલ બનાવટી. પણ આજે હું એ બધું પાછળ છોડી દીધું છે. મારી વાઈફ મીરા, મારી દીકરી મિશા અને દીકરો ઝૈન - આ મારી રિયલ લાઈફ છે.

***સવાલઃ ત્યારબાદ પ્રિયંકા ચોપડા સાથેની લિંક-અપની વાતો ખૂબ ચાલી. ‘કમિને’ (૨૦૦૯) અને ‘તેરી મેરી કહાની’ (૨૦૧૨)માં સાથે કામ કર્યું. તે સમયે રુમર્સ હતા કે ઇન્કમ ટેક્સ રેડમાં તમે પ્રિયંકાના ઘરે હતા. આ વિશે શું કહેશો?***

શાહિદઃ પ્રિયંકા સાથે અમે ખૂબ સારા ફ્રેન્ડ્સ હતા અને છીએ. ‘કમિને’માં અમારી કેમિસ્ટ્રી બહુ સારી હતી. રુમર્સ તો ચાલતા જ હતા, ખાસ કરીને કારણ કે અમે એક જ બિલ્ડિંગમાં રહેતા હતા. એ ઇન્કમ ટેક્સની વાતમાં હું ત્યાં હતો કારણ કે પ્રિયંકાએ મને મદદ માટે બોલાવ્યો હતો - એટલું જ. અમે ક્યારેય આ રિલેશનશિપને પબ્લિકલી કન્ફર્મ કરી નથી. આવા સમયે મીડિયા બહુ ઝડપથી વાતો બનાવી નાખે છે. આજે પણ અમે એકબીજાને વેડિંગ વિશ કરીએ છીએ - એ જ પૂરતું છે.

***સવાલઃ તમે એક ઇન્ટરવ્યુમાં હાર્ટબ્રેક વિશે વાત કરી હતી. તમે કહ્યું કે તમે સેલ્ફ-રિસ્પેક્ટ ગુમાવી દીધું હતું. ઘણા લોકોને લાગ્યું કે તમે કરીના અને પ્રિયંકા વિશે વાત કરી રહ્યા છો તે વિશે વધુ જણાવો.***

શાહિદઃ લોકો બહુ વધારે વિચારે છે ભાઈ! મેં ક્યારેય નામ નથી લીધા. વધુ તો કંઈ ખાસ નહીં, પણ દરેકના જીવનમાં હાર્ટબ્રેક થાય છે. મારી સાથે પણ ઘણી વાર થયું. એક વાર હું પ્રેમમાં એટલો પડ્યો કે મારી ડિગ્નિટી અને સેલ્ફ-રિસ્પેક્ટ ભૂલી ગયો. પરંતુ તેમાંથી શીખ્યો કે પ્રેમમાં પોતાને ગુમાવવું ન જોઈએ. આજે હું તે અનુભવોને પોઝિટિવ તરીકે જોઉં છું, જેણે મને મજબૂત બનાવ્યો.

***સવાલઃ ‘કબીર સિંહ’ તો ખૂબ વિવાદાસ્પદ ફિલ્મ હતી. તેમાં તમારા કિરદારને લોકોએ પસંદ કર્યો પરંતુ કેટલાકે વિરોધ પણ કર્યો. તમે તે વિશે શું વિચારો છો?***

શાહિદ કપૂરઃ હા, ‘કબીર સિંહ’ એક તેલુગુ ફિલ્મ ‘અર્જુન રેડ્ડી’ની રીમેક હતી. ડિરેક્ટર સંદીપ રેડ્ડી વંગાએ તેને બનાવી. મારો રોલ એક ગુસ્સાવાળા ડોક્ટરનો હતો. તેને ઘણા લોકોએ પસંદ કર્યો અને ફિલ્મ સુપરહિટ થઈ. પરંતુ કેટલાકે કહ્યું કે તેમાં મિસોજિની અને ટોક્સિક મેસ્ક્યુલિનિટી છે. હું સમજું છું કે ફિલ્મોમાં કિરદાર વાસ્તવિક હોય છે અને તેમને બતાવવું જરૂરી છે. પરંતુ હું ક્યારેય તેને પ્રમોટ કરતો નથી. તે માત્ર એક સ્ટોરી છે. તાજેતરમાં સંદીપે કહ્યું કે તેઓ ‘એનિમલ’માં મારા કિરદારને કેમિયોમાં લાવવા માગતા હતા પરંતુ ડેટ્સની સમસ્યા આવી.

> હું સમજું છું કે ફિલ્મોમાં કિરદાર વાસ્તવિક હોય છે અને તેમને બતાવવું જરૂરી છે. પરંતુ હું ક્યારેય તેને પ્રમોટ કરતો નથી. તે માત્ર એક સ્ટોરી છે. તાજેતરમાં સંદીપે કહ્યું કે તેઓ ‘એનિમલ’માં મારા કિરદારને કેમિયોમાં લાવવા માગતા હતા પરંતુ ડેટ્સની સમસ્યા આવી

***સવાલઃ તમે નેપોટિઝમ વિશે પણ વાત કરી છે. તમે કહ્યું કે તમારી કરિયર એક અકસ્માત હતી. તેનો અર્થ શું?***

શાહિદ કપૂરઃ હા, હું સ્ટાર કિડ છું પરંતુ મારા પિતા-માતા અલગ થયા હતા તેથી મને તેમની મદદ નહોતી મળી. હું પોતાના પગ પર ઊભો થયો. ઘણા ઓડિશન આપ્યા અને સ્ટ્રગલ કર્યું. હું માનું છું કે બોલિવૂડમાં નેપોટિઝમ છે, બહારના લોકો કરતા તમને તકો વધારે મળે છે. પરંતુ તકથી તમે ટકી શકતા નથી, તમારું કામ દેખાવું જોઈએ. સફળતા તમારી મહેનત પર આધારિત છે. મારી કરિયરને હું અકસ્માત કહું છું કારણ કે મને ખબર નહોતી કે હું અભિનેતા બનીશ. પરંતુ હવે હું તેને પસંદ કરું છું અને રીઈન્વેન્ટ કરું છું.

***સવાલઃ તમારી ફિલ્મોમાં ઘણા બોલ્ડ અને ઇન્ટિમેટ સીન્સ રહ્યા છે. ‘જબ વી મેટ’નું કિસિંગ, ‘રંગૂન’માં લવમેકિંગ સીન, ‘કબીર સિંહ’માં તો પૂરી ફિલ્મ ઇન્ટેન્સ રોમાન્સ અને બોલ્ડનેસથી ભરેલી છે. તાજેતરમાં કૃતિ સેનોન સાથેના ૩૬ સેકન્ડના ઇન્ટિમેટ સીનને સેન્સર બોર્ડે ૯ સેકન્ડ કાપ્યા. તમે આવા રોલ કેમ પસંદ કરો છો?***


શાહિદઃ અરે યાર...મને એવા રોલ ગમે છે જેમાં ડેપ્થ હોય, ઈમોશન હોય. ‘કબીર સિંહ’માં એક ખૂબ જ ઈન્ટેન્સ અને સેલ્ફ-ડિસ્ટ્રક્ટિવ ચરિત્ર હતું - ઘણા લોકોએ પસંદ કર્યું, ઘણાએ ક્રિટિસાઈઝ પણ કર્યું. હું બોલ્ડ સીન જોઈને પસંદ નથી કરતો ભાઈ! સ્ટોરીમાં હોય તો હું પણ શું કરું? ‘રંગૂન’માં લવમેકિંગ સીન શૂટ કરવો ખૂબ મુશ્કેલ હતો, પણ તે સ્ટોરીનો ભાગ હતો. ઈન્ટિમેટ સીન્સ એ પણ સ્ટોરીનો હિસ્સો છે. જો તે સ્ટોરીને શૂટ કરતા હોય તો હું પાછો નથી હટતો. પણ હા, લગ્ન પછી હું થોડો સાવચેત રહું છું. દિવસના અંતે મારે ઘરે પણ જવાનું હોય છે!

***સવાલઃ સોશ્યલ મીડિયા પર તમારી પર્સનલ લાઇફની હીરોઇન મીરા રાજપુત અને તમારી જોડી ઘણી પસંદ કરવામાં આવે છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીની બહારના છે, તેમની સાથે તમારી લવ સ્ટોરી હતી? કે અરેન્જડ મેરેજ હતા?***

શાહિદઃ હા, મારી હીરોઈન મીરાને હું ૨૦૧૫માં રાધા સ્વામી સત્સંગ બીઆસમાં મળ્યો હતો. પહેલી ઓળખાણ તો પરિવાર તરફથી જ થઈ હતી એટલે અમારી અરેન્જ મેરેજ કહી શકાય. પહેલી મુલાકાતમાં જ મને લાગ્યું કે આ જ છોકરી મારા જીવનમાં જોઈએ છે. મીરાએ પણ ઝડપથી હા પાડી. મારે તો લોટરી લાગી ગઈ એવું જ હતું. મીરા ખૂબ ટેલેન્ટેડ છે અને મારા ફેમેલીને ઘણી સારી રીતે સાચવે છે. એના માટે હું ઘણો ગ્રેટફુલ છું. આજે અમારી પાસે બે સુંદર બાળકો છે. મારા જીવનનો સૌથી સુંદર ફેઝ છે આ. ●

# રાજપાલ થયો પાયમાલ?

કોન્ટ્રોવર્સી



**બો**લિવૂડમાં એક્ટર્સ અને સાઈડ એક્ટર્સની રોજ કોઈને કોઈ ન્યૂઝ આવતી જ રહે છે. હાલમાં એક કોમેડી એક્ટર રાજપાલ યાદવ ચર્ચામાં છે. ચેક-બાઉન્સ કેસમાં દિલ્હીની તિહાર જેલમાં સરેન્ડર કરતા પહેલા રાજપાલે પોતાની ફાઈનાન્શિયલ કંડિશન વિશે ખુલાસો કર્યો. ભૂલ ભુલૈયા (2007), ઢોલ (2007) હંગામા (2003) જેવી ફિલ્મોમાં કોમિક રોલ માટે જાણીતા 54 વર્ષીય રાજપાલ યાદવે કહ્યું કે તેમની પાસે પૈસા અને મિત્રો નથી અને સરેન્ડર કરવું એ જ તેમનો એકમાત્ર ઓપ્શન હતો.

દિલ્હી હાઈકોર્ટે વધુ સમય માટે તેમની વિનંતી ફગાવી દીધા બાદ ગુરુવારે યાદવે દિલ્હીની તિહાર જેલમાં સરેન્ડર કર્યું. રાજપાલને 4 ફેબ્રુઆરી સુધીમાં સરેન્ડર કરવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તેમણે આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા, જેના કારણે કોર્ટે વધુ રાહત આપવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે કાયદો બધા માટે સમાન છે, પછી ભલે તેમનો વ્યવસાય ગમે તે હોય.

એક ઈન્ટરવ્યૂમાં રાજપાલે અગાઉ પોતાની ફાઈનાસિયલ કંડિશન સમજાવતા કહ્યું, સાહેબ, ક્યા કરું? મેરે પાસ પૈસા નહીં હૈં. ઔર કોઈ ઉપાય નહીં દિખતા!

જ્યારે રાજપાલને પૂછવામાં આવ્યું કે શું તેમણે પ્રિયદર્શન જેવા સાથીદારો અથવા મિત્રો પાસેથી મદદ લેવાનું વિચાર્યું છે, જેમણે વારંવાર તેમની સાથે સહયોગ કર્યો છે, ત્યારે યાદવે જવાબ આપ્યો, સાહેબ, યહાં હમ સબ અકેલે હૈં, કોઈ મિત્રો નથી. મારે આ કટોકટીનો સામનો જાતે જ કરવો પડશે.

આખી ઘટના કંઈક આ પ્રકારની છે, 2010 માં દિલ્હીમાં એક બિઝનેસમેન પાસેથી 5 કરોડ રૂપિયાની લોન ચૂકવવામાં નિષ્ફળ રહેવા બદલ રાજપાલ અને તેમની પત્ની રાધા યાદવ સામે 2018 માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. રાજપાલ 2010 માં ડાયરેક્ટર તરીકેની તેમની પહેલી ફિલ્મ, ‘અતા પતા લાપતા’ માટે પૈસા લીધા હોવાનું કહેવાય છે. આ ફિલ્મ 2012 માં રિલીઝ થઈ હતી, પરંતુ રાજપાલે તે લોન ચૂકવી ન હતી.

આ મામલાના સંદર્ભમાં કોર્ટ દ્વારા રાજપાલને ઘણી વખત સમન્સ મોકલવામાં આવ્યું હતું અને અગાઉ કાર્યવાહી દરમિયાન રાજપાલને 10 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

એક્ટર સોનુ સૂદે આ કેસ પર પ્રતિક્રિયા આપી અને રાજપાલ માટે પોતાનો સપોર્ટ આપ્યો છે. ●

# તૃપ્તીને લવ મેરેજ કરવા છે કે એરેન્જડ?

શોશા



***‘લૈલા મજનુ’થી હિન્દી ફિલ્મોમાં ડેબ્યુ અને ‘એનિમલ’માં રણબીર કપૂર સાથે ઇન્ટિમેટ સીન આપી નેશનલ ક્રશ બનેલી તૃપ્તિ ડિમરી યંગસ્ટર્સની ‘ધડક’ છે. પોતાની કલા અને સુંદરતાની ‘ભૂલભૂલૈયા’માં ફસાવી હવે શાહીદ કપૂર સાથે ‘ઓ રોમિયો’માં આવી રહી છે. જાણીએ તૃપ્તિની રોમેન્ટિક વાતો...***

» **ફેવરિટ ડાન્સ મૂવ કયો છે?**
કોઈપણ ફ્રી-સ્ટાઈલ

» **રાત્રે સૂતા પહેલાં છેલ્લે શું જુઓ છો?**
ફોનમાં મીમ્સ અને રીલ્સ

» **એક એક્ટર/એક્ટ્રેસ સાથે ડિનર કરવાનું હોય તો કોને બોલાવો?**
રણવીર સિંહ

» **ફેવરિટ ગુજરાતી મીઠાઈ કઈ?**
શ્રીખંડ અને બાસુંદી એકસાથે

» **લવ મેરેજ કે એરેન્જડ મેરેજ?**
જેમાં પ્રેમ હોય એ જ બરાબર છે

» **સૌથી વધુ ગમતી બોલીવુડ ગર્લ ક્રશ કોણ?**
દીપિકા પાદુકોણ

» **ફેવરિટ ફેમિલી મેમ્બર કોણ છે?**
મારી નાની

» **એક દિવસ માટે કોઈની જગ્યાએ બનવું હોય તો કોની?**
શાહરુખ ખાન બસ એક દિવસ!

» **છેલ્લું જે ગીત સાંભળ્યું એ કયું હતું?**
‘આજ કી રાત’ રિપીટ પર સાંભળતી હોવ

» **સૌથી વધુ ગમતું શહેર કયું?**
દિલ્હી ખાણી-પીણી માટે અને ગોવા આરામ માટે

» **ફેવરિટ ડ્રેસ - સાડી કે જીન્સ?**
બંને મૂડ પ્રમાણે. ●